આંક – ૧ લગત હુકમ

મે. કલેકટરશ્રી, સુરતનાં જાવક નંબર. એમએજી / ડોરમન્ટ કેસ/વશી. ૧૯૨/૨૦૨૩ તા.૦૪–૦૨–૨૦૨૩ તથા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સુરત/૩૨/૧૭૦/૨૦૨૩ તા. ૦૬–૦૨–૨૩ અન્વયેનાં હુકમ આધારે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે સદરહુ કેસ પરત ખેંચવાની રજૂ કરેલ પુરસીસ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ તથા સદરહુ ગુનાનું ચાર્જશીટ ધ્યાને લીધું અને તે ધ્યાને લેતાં જાહેર હિતમાં અને ન્યાયનાં વિશાળ હિતમાં સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આપી સદરહું કેસ વિડ્રોથી ફેસલ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૨૧ (ક) અન્વયે આ કામના આરોપી / આરોપીઓને આક્ષેપિત ગુનાઓમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** પોલીસે કબ્જે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવું અને અન્ય મુદ્દામાલનો નાશ કરવો.

**(૩)** પોલીસે કબ્જે લીધેલ મુદ્દામાલ ઈલેકટ્રીક સાધનો / મોબાઈલ ફોન / વાહન તથા અન્ય મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવો અન્યથા તે મુદ્દામાલની જાહેર હરાજી કરી તેના ઉપજેલ નાણાં સરકારશ્રીમાં જમા કરાવવા.

**(૪)** મુદ્દામાલ તરીકે જો સોના, ચાંદીનાં દાગીનાં તથા હીરા કે અન્ય મુલ્યવાન ધાતુ હોય તો પંચનામાની વિગતે તે તેની માલિકીનાં જરુરી પુરાવાની ખરાઈ કર્યા બાદ સંબંધિત વ્યકિતને પરત કરવા અથવા તો અપીલ સમય વિત્યે તેની કાયદેસરની કાર્યવાહી કરી સરકારી મિન્ટમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

**(૫)** આ સિવાય અન્ય નોન વેલ્યુએબલ મુદ્દામાલ તથા હથિયારનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૬)** આ હુકમની સંબંધીત પોલીસ સ્ટેશને યાદી કરી જાણ કરવી.

હુકમ આજરોજ તા.૧૧મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ની લોક અદાલતનાં સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧–૦૨–૨૦૨૩.
સુરત.

(**હરીશ હસમુખભાઈ વર્મા**)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત.
( GJ 00821 )